Gujarati

TAPI

સમય: ૩ કલાક ગુણ : ૫૦

વિદ્યાર્થીઓ માટે સૂચના:

→ આકલનકૃતિ અને વ્યાકરણકૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ જરૂરી જણાય ત્યાં ઉત્તરપૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંના નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ – ૧ ગદ્ય (૧૨ ગુણ)

કૃતિ - ૧અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

અ -૧ નીચે આપેલા વાક્યોને ક્રમાનુસાર ગોઠવો. (૦૨)

(૧) આ જાણીને ન્યાયાધીશનું મન ભરાઈ આવ્યું.


(૨) તેથી તેણે દિવસે મજૂરીકરવાનું છોડી દીધું.

(૩) ન્યાયાધીશને કાને આ વાત ગઈ.


(૪) પણ ઝીનોની શાળામાં એકપણ દિવસએ જવું ચૂકતો નહિ.

કલીએન્થિસ નામના એક ગ્રીસ વિદ્વાન વિષે એમ કહેવાય છે કે એ ન્હાનપણમાં અત્યંત નિર્ધન હોઈ મજૂરીથી પોતાનું ગુજરાન કરતો. એને વિદ્યાનો એવો રસ હતો, કે ભલે ઓછી મજૂરી મળે અને તેથી ભૂખ વેઠવી પડે, પણ ઝીનોની શાળામાં એકપણ દિવસએ જવું ચૂકતો નહિ. જેમજેમ એનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ એનો વિદ્યાનો રસપણ વધતો ગયો. દિવસે મજૂરીમાં વખત જાય એટલું પણ એના વિદ્યાભ્યાસમાં વિઘ્ન પડતું એનાથી સહેવાયું નહિ. તેથી તેણે દિવસે મજૂરી કરવાનું છોડી દીધું, અને સાંઝ-સ્હવાર એક માળીની વતી બાગપાવાનું અને રાતે એક બાઈને દયણું દળી આપવા આપવાનું માથે લીધું. એણે દિવસે મજૂરી બંધ કરી અને રાતે દયણું દળી આપવા બહાર જવા માંડયું તેથી તેના આડોશીપાડોશીઓને વહેમ પડવા લાગ્યો કે કદાચ એ ચોરી કરી પેટ ભરતો હશે. ન્યાયાધીશને કાને આ વાત ગઈ. તેણે કલીએન્થિસને બોલાવીનેખુલાસો પૂછ્યો. કલીએન્થિસે પેલા માળીને અને દયણાવાળીને બોલાવી મંગાવવા વિનંતિ કરી. એ પ્રમાણે તેમણે બોલાવી મંગાવવામાંઆવ્યાં, અને પૂછતાં જણાયું કે કલીએન્થિસ સાંઝ-સ્હવાર ઝાડ પાવાનું અને રાતે દયણું દળી આપવાનું કામ કરે છે, અને એ રીતે ગુજરાન જોગ પૈસા મેળવે છે. આ જાણીને ન્યાયાધીશનું મન ભરાઈ આવ્યું, અને કલીએન્થિસને ઇનામ આપવા માંડયું; પણ તેણે લીધું નહિ, કલીએન્થિસ એ ઝીનોનો ઉત્તમ શિષ્ય અને એક સારો ફિલસુફ નીવડયો.

અ-૨ આકૃતિ પૂર્ણ કરો (૦૨)




અ – ૩ ગદ્યાંશમાં આવતા જોડાક્ષરો. (૦૨)



અ -૪(અ) ગુણસુંદરીને પત્ની સવરૂપે પામીને વિદ્યાચતુર શા માટે ગર્વ અનુભવે છે? (૦૪)

(બ) સોરાબજીએ ગાંધીજીને કઈ ચેતવણી આપી ? (૦૨)

## વિભાગ – ૨ પદ્ય (૦૮ગુણ)

પ્ર. ૨(અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો (૦૨)

અ -૧કાવ્ય પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) કોયલડી ટહુકા કરે,......

(૨) દીવડો દીસે બિહામણો,....

(૩) પંખીડેમાળા રે ઘાલીયા,...

(૪) નાથ નમેરા થઈ રહ્યા, .....

અષાઢ આવ્યો, રે સખી ! કેમ કરી કાઢું દન ?

નાથ નમેરા થઈ રહ્યા, રુદે પડિયાં રે દહન.

અષાઢો રે ઘન ઊલટ્યો, માગ્યા વરસે રે મેહ;

વિજલડી ચમકારા કરે, વહાલે દીધો રે છેહ.

મોરના શોર સોહામણાં, દાદુર બોલે રે જોર,

કોયલડી ટહુકા કરે, ના'વ્યા નંદકિશોર.

રાત અંધારી ઊડે આગિયા, દેખી ઝબકે રે મન;

દીવડો દીસે બિહામણો, ના'વ્યા જગના જીવન.

લીલા ચરણા અવનિએ ધર્યો, તરુવર ઘેરગંભીર;

પંખીડે માળા રે ઘાલીયા, જ્યાંત્યાં ભરિયાં રે નીર.

અ–૨ કોણ તે કહો (૦૨)


(૧) જે સોહામણાં નથી તે

(૨) વ્હાલા નથી તે

(૩) દન નથી ત્યાં

(૪) અંધારી નથી તે

અ -3 આકૃતિ પૂર્ણ કરો (૦૨)



બ 'ચિત્રવિલોપન' કાવ્યના અંતની ચર્ચા કરો (૦૨)

વિભાગ – ૩ વિશેષવાચન (૦૪ગુણ)

પ્ર. ૩ નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) ચાલો લખીએ. (૦૨)

મંડુના કિલ્લામાં પેસતાં શરૂમાં આવતાં ચાર પ્રવેશદ્વારો યા દરવાજાના નામ

----------------------, ----------------------, ----------------------, ----------------------

મંડુ પ્રકૃતિની રમણિયતાની વચમાં વસેલું છે. અહીંની પ્રાકૃતિક રમણિયતાથી આકર્ષાઈને દશમી સદીમાં રાજા ભોજે અહીં દુર્ગ બાંધ્યો હતો. મંડુ, ગુંબજો, તળાવો અને સરોવરો, રજવાડી શમિયાણાઓ, અગાશીઓ, બાગ બગીચાઓ વગેરેથી ભરપૂર એક પ્રભાવશાળી સંકુલ છે. એનું કુદરતી સૌંદર્ય પણ આકર્ષક છે. અને આબોહવા પણ ખુશનુમા અને આલ્હાદક છે.

મંડુના કિલ્લામાં પેસતાં શરૂમાં ત્રણથી ચાર પ્રવેશદ્વારો યા દરવાજા આવે છે. એમાં પ્રવેશ કંઈક અટપટો છે. પહેલો દરવાજો એ 'આલમગીર દરવાજા' તરીકે ઓળખાય છે.થોડો વળાંક લઈને આગળ વધીએ એટલે બીજો દરવાજો આવે છે જેને ભંગી દરવાજો કહે છે. થોડો વળાંક લઈને વળી આગળ વધીએ એટલે ત્રીજો દિલ્હી દરવાજો આવે છે અને છોટો રામપોલ દરવાજો આવે છે.

મંડુનો કિલ્લો, લંબાઈમાં આઠ કિલોમીટર અને પહોળાઈમાં છ કિલોમીટરના ક્ષેત્રફળમાં આવેલો છે. તે પ્રદેશ અતિશય અટપટો અને ખાડાટેકરાવાળો હોઈને તેની ફરતો કરવામાં આવેલો કિલ્લો પણ ઘણો વાંકોચૂકો અને અવ્યવસ્થિત લાગે છે. કિલ્લામાં ઘણા પુરાણા મહેલો, મોટી ઇમારતો, વાવ, કુંડો વગેરે આવેલા છે. લગભગ પંચોતેર ઇમારતોમાંથી છેંતાલીસ સ્મારકો તો સારી હાલતમાં છે, જે માળવાના હિંદુ અને મુસ્લિમ રાજાઓની ચડતી પડતીનો ખ્યાલ આપે છે. તે મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચાએલા છે.

(બ) શૉ ના નાટકમાં સૈનિક કયું સત્કર્મ કરે છે ? (૦૨)

વિભાગ- ૪વ્યાકરણ (૦૮ ગુણ)

પ્ર. ૪ સૂચના પ્રમાણે કરો.

(અ) કાળ પરિવર્તન કરો (03)

(૧) સોરાબજી ખડખડાટ હસી પડ્યા. (વર્તમાનકાળ)

(૨) અમલદારે પોતાનો અમલ ભજવ્યો. (ભવિષ્યકાળ)

(૩) સરકારને તેમના જવાબથી સંતોષ થશે. (ભૂતકાળ)

(બ) યોગ્ય રીતે જોડો. (03)

| અ | ---- | બ |
| --- | --- | --- |
| (૧) છેહ દેવો | | (૧) ખાવાનું ન મળવું |
| (૨) કાને વાત જવી | | (૨) ખૂબ ભાવુક થઇ જવું |
| (૩) ખાવાનાં સાંસાં પડવા | | (૩) દગો કરવો |
| | | (૪) વાતની ખબર પડવી |

(ક) નીચેના શબ્દોના વિશેષણોના યોગ્ય વિકલ્પ શોધીને લખો. (0૨)

(૧) જોગ

(અ) જોગી (બ) જોગણ (ક) જોગવાન

(૨) ક્ષણ

(અ) ક્ષણિક (બ) ક્ષણભંગુર (ક) ક્ષણવાન

## વિભાગ- ૫ લેખન કૌશલ્ય (૧૮ ગુણ)


પ્ર. ૫ (અ) નીચે આપેલ વિષયમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (0૮)

(૧) મારો યાદગાર પ્રવાસ

(૨) ચૂંટણી મથકે

(૩) જો હું વડાપ્રધાન હોઉં તો .....

(બ) આપેલી માહિતીને આધારે જાહેરાત તૈયાર કરો (0૫)



K. SANGHVI JUNIOR COLLEGE OF COMMERCE
MUMBAI

(ક) નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો. (૦૫)

(૧) My father is my role model.

(૨) My mother is scientist.

(3) Trees are our best friends.

(૪) I can do it

(૫) **Today is Sunday.**

******************************************************************************